# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૪ ૨૦૨૦ : ફેબ્રુઆરી

અંક : ૨ આજીવન : રૂ. ૧૦૦૦/-



: તંત્રી :

**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,

મહુધા-૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮-૨૫૭૨૦૪૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | કેતનકુમાર કાંતિલાલ શેલત | ચેન્નાઈ | ૪૬૨૮ |
| ૨. | રાકેશકુમાર ભાસ્કરભાઈ દવે | આણંદ | ૪૬૨૯ |
| ૩. | અતુલકુમાર દવે | ચેન્નાઈ | ૪૬૩૦ |
| ૪. | સંજયકુમાર બિપીનચંદ્ર ભટ્ટ | અમદાવાદ | ૪૬૩૧ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી દિવ્યાંગકુમાર અરવિંદભાઈ દવે | દુબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| | હસ્તે શ્રી હેમંતભાઈ શેલત | ગાંધીનગર | |
| ૨. | શ્રી ઈન્દ્રવદન દવે અને ચંદ્રિકાબેનની સ્મૃતિમાં | | |
| | હસ્તે શ્રી મિહીરભાઈ દવે | આણંદ | રૂ. ૩૧૦૨/– |
| ૩. | શ્રી શશીકાન્ત એ. ડોળીયાની સ્મૃતિમાં | સોજીત્રા | રૂ. ૧૫૫૧/– |
| | હસ્તે શ્રી બળવંતકુમાર બાબુભાઈ ડોળીયા | | |
| ૪. | શ્રી મહેશભાઈ બાલાશંકર ઠાકર | અમદાવાદ | રૂ. ૫૦૦૦/– |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.,અમદાવાદ
## વિદ્યોતેજક ફંડના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી દર્શનકુમાર મહેશભાઈ ઠાકર | અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/– |
| ૨. | શ્રી વિજયકુમાર હરિહરરાય ઠાકર | અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/– |

## શુભેચ્છા ભેટ

– મહેશ ચીમનલાલ દવે આણંદના પૌત્ર ચિ સ્તવન શિલ્પેશકુમાર દવેના ઉપનયન સંસ્કાર મહા સુદ ૧૦ તા. ૪–૨–૨૦૨૦ના રોજ નિર્ધાર્યા હતા. બાજખેડાવાળ પત્રિકાને આ શુભ પ્રસંગ નિમિત્તે રૂ. ૫૦૦/– ભેટ મળેલ છે.

– આણંદ જયદેવભાઈ શિવપ્રસાદ પંડ્યાના સુપુત્ર સંદિપભાઈના સુપુત્ર ચિ. શિવમના યજ્ઞોપવિત સંસ્કાર તા. ૧૫–૧૨–૨૦૧૯ રવિવારના રોજ શ્રી સરદાર પટેલ બેન્કવેટ હોલ, આણંદમાં યોજાયેલ તે શુભપ્રસંગે બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૫૦૧/– ભેટ આપેલ છે.

## અવસાન નોંધ

– મણિનગર નિવાસી સ્વ. મુકુંદરાય મોતીલાલ ભટ્ટ તા. ૧૦–૦૧–૨૦૨૦ના રોજ અવસાન પામેલ છે તેમની પુત્રી રીટા બી. દવે તરફથી રૂ. ૨૦૧/– સપ્રેમ ભેટ મળેલ છે.

– મુંબઈ નિવાસી ચંદ્રિકાબેન ઘનશ્યામપ્રસાદ શેલતનું તા. ૧૩–૧–૨૦૨૦ને સોમવારના રોજ વડતાલ મુકામે અક્ષરવાસ થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને શાંતિ અર્પે તેવી તેઓના દિકરી શ્રીકેતન ઘનશ્યામપ્રસાદ શેલત તથા રશેષ ઘનશ્યામપ્રસાદ શેલત આ નિમિત્તે પત્રિકાને રૂ. ૨૦૦/– સ્મૃતિભેટ મળેલ છે.

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અધ્યાય-૯, રાજવિદ્યારાજગૃહ્યયોગ

શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને, દુઃખરૂપ સંસારથી મુક્તિ અપાવે એવા વિજ્ઞાન સહિત જ્ઞાનને સમ્યક રીત કહેતાં જણાવ્યું, કે જ્ઞાન સઘળીયે વિદ્યાઓનો રાજા, સઘળા ગોપનીયોનો રાજા, અતિ પવિત્ર, ઘણું ઉત્તમ, પ્રત્યક્ષ ફળ અનુભવી શકાય એવું, ધર્મયુક્ત, સાધન કરવામાં સહેલું અને અવિનાશી છે.

હે પરંતપ, શુદ્ધ હૃદયના મારા ભક્ત, ધર્મમાં શ્રદ્ધા વિનાના માણસો મને ન પામતાં મૃત્યુરૂપી સંસારચક્રમાં ભટકતા રહે છે. મુજ નિરાકાર પરમાત્માથી આ આખુંયે જગત જળથી બરફની પેઠે પરિપૂર્ણ છે અને સઘળાં યે ભૂતો મારામાં સંકલ્પને આધારે સ્થિત છે, પણ વાસ્તવમાં હું એમનામાં સ્થિત નથી, અને વળી એ સમસ્ત ભૂતો મારામાં સ્થિત નથી. મારી ઈશ્વરીય યોગશક્તિ થકી હું ભૂતોને ધારણ પોષણ કરનાર અને ભૂતોને ઉત્પન્ન કરનાર છતાંયે મારો આત્માવાસ્તવમાં ભૂતોમાં સ્થિત નથી.જેમ આકાશથી ઉદ્‌ભવેલો અને સર્વ બાજુએ વિચરનાર અતિ વિસ્તૃત વાયુ સદા આકાશમાં જ સ્થિત છે, એ જ રીતે મારા સંકલ્પ દ્વારા ઉત્પન્ન હોવાને લીધે સઘળાં ભૂતો મારામાં સ્થિત છે, એમ સમજ. કલ્પોના અંતે બધાં ભૂતો મારી મૂળ પ્રકૃતિને પામે છે એટલે કે પ્રકૃતિમાં લય પામે છે અને કલ્પોના આરંભે એમને હું ફરી પાછા સર્જું છું.

પોતાની પ્રકૃતિને સ્વીકારીને સ્વભાવના બળને લીધે વશ થયેલા આ આખાયે ભૂતસમુદાયને વારંવાર એમનાં કર્મો અનુસાર હું સર્જું છું. મારા બધા જ કાર્યો કર્તૃત્વ ભાવ વિના આપમેળે સત્તામાત્રથી જ ઉદાસીનની જેમ થતાં હોય એ કર્મોમાં મને આસક્તિ થતી નથી તેમ જ એ કર્મો મને બાંધતાં ય નથી. મુજ અધિષ્ઠાતાના પ્રભાવથી જ પ્રકૃતિ ચરચરસહિત આ આખાયે જગતને સર્જે છે અને આ હેતુને લીધે જ આ આખુંયે સંસારચક્ર ફરી રહ્યું છે.

મારા પરમભાવને નહીં જાણનારા મૂઢ માણસો, મનુષ્યનું શરીર ધારણ કરનાર મુજ સઘળા ભૂતોના મહાન ઈશ્વરને અવગણે છે એટલે કે પોતાની યોગમાયાથી સંસારના ઉદ્ધારને અર્થે મનુષ્યસ્વરૂપે વિચરતાં મુજ પરમેશ્વરને સામાન્ય માણસ ગણે છે. એ વ્યર્થ આશા રાખનારા, વ્યર્થ કર્મ કરનારા તેમજ જ્ઞાનનો દુરુપયોગ કરનાર વિક્ષિપ્ત ચિત્તના અજ્ઞાનીજનો રાક્ષસી, આસુરી અને મોહિની પ્રકૃતિને જ ધારણ કરી રાખે છે.

પણ દૈવી પ્રકૃતિને આશ્રિત મહાત્માઓ મને સર્વ ભૂતોનું સનાતન કારણ અને નાશરહિત અક્ષરસ્વરૂપ સમજીને અનન્ય મનથી યુક્ત થઈને નિરંતર મને ભજે છે. એ દૃઢ નિશ્ચયી ભક્તો નિરંતર મારાં નામ અને ગુણોનું કીર્તન કરતાં, મારી પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતાં અને મને વારંવાર પ્રમાણ કરતાં સદા મારા ધ્યાનમાં જોડાઈને અનન્ય પ્રેમથી મને ઉપાસે છે. બીજા જે

જ્ઞાનયોગીઓ છે, એ મુજ નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું જ્ઞાનયજ્ઞ દ્વારા અભિન્ન ભાવે પૂજન કરતાં કરતાં પણ મારી ઉપાસના કરે છે અને બીજા ભક્તો આખા બ્રહ્માંડમાં જેટલાં ઓન ચરાચર પ્રાણીઓ છે, એમને મારુ જ સ્વરૂપ માનીને મુજ વિરાટસ્વરૂપ પરમેશ્વરની પૃથક ભાવે ઉપાસના કરે છે.

ક્રતુ એટલે કે શ્રૌતકર્મ હું છું, યજ્ઞ એટલે કે પંચમહાયજ્ઞ વગેરે સ્માર્તકર્મ હું છું, સ્વધા એટલે કે પિતૃઓને તર્પણરૂપે અપાતું અન્ન હું છું, ઔષધ હું છું, મંત્ર હું છું, ધૃત હું છું, અગ્નિ હું છું અને હવનરૂપી ક્રિયા પણ હું જ છું. આ સકળ જગતનો ધાતા એટલે કે ધારણ કરનાર, કર્મોના ફળ આપનાર, પિતા, માતા, દાદા જે જાણવા યોગ્ય છે એ સઘળાયે તત્વ, પવિત્ર, ૐ કાર તેમજ ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું. પરમ પદ સ્વરૂપ પરમ ગતિ, ભરણ-પોષણ કરનાર, સૌનો સ્વામી, શુભ-અશુભને જોનાર, સૌનું રહેઠાણ, શરણ લેવા યોગ્ય, પ્રત્યુપકાર ઈચ્છા વિના હિત કરનાર, સૌની ઉત્પત્તિ-પ્રલયનો હેતુ, સ્થિતિનો આધાર, નિધાન જેમાં પ્રલયકાળે સમસ્ત ભૂતો સુક્ષ્મરૂપે લય પામે છે, તેમજ અવિનાશી કારણ પણ હું જ છું. હું જ સૂર્યરૂપે તપુ છું, વર્ષાને સમુદ્ર વગેરે સ્થાનોમાંથી ખેંચું છું. હું જ સૂર્યરૂપે તપુ છું, વર્ષાને સમુદ્ર વગેરે સ્થાનોમાંથી ખેચું છું અને એને વરસાવું છું. હું જ અમૃત અને મૃત્યુ તથા સત અને અસત પણ હું જ છું.

ત્રણેય વેદોમાં વિધાન કરાયેલાં સકામ કર્મોને કરનારા, સોમરસ પીનારા, પાપ વિનાના માણસો મને યજ્ઞો દ્વારા પુજીને સ્વર્ગની પ્રાપ્તિ ઈચ્છે છે, એ માણસો પોતાનાં પુણ્યોના ફળસ્વરૂપે સ્વર્ગલોકને પામીને, સ્વર્ગમાં દિવ્ય એવા દેવતાઓના ભોગોને ભોગવે છે. તેઓ એ વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્યક્ષીણ થતાં મૃત્યુલોકમાં પાછા આવે છે. આ રીતે ત્રણેય વેદોમાં કહેલા સ્વર્ગની પ્રાપ્તિનાં સાધનભૂત સકામ કર્મોનો આશય લેનારા, તેમજ ભોગોને ઈચ્છતા માણસો વારંવાર ગમન આગમનને પામે છે એટલે કે પુણ્યના પ્રભાવ થકી સ્વર્ગમાં જાય છે અને પુણ્ય ક્ષીણ થતાં પાછા મૃત્યુલોકમાં આવે છે.

જે અનન્ય પ્રેમી ભક્તજનો મુજ પરમેશ્વરને નિરંતર ચિંતન કરતાં નિષ્કામભાવે ભજે છે, એ નિત્ય નિરંતર મારુ ચિંતન કરનારા ભક્તોના યોગક્ષેમનું હું પોતે જ વહન કરું છું. જોકે શ્રદ્ધાથી યુક્ત જે કોઈ સકામ ભક્તો અન્ય દેવતાઓને પણ પૂજે છે, તેઓ પણ મને જ પૂજે છે; પરંતુ એમનું તે પૂજન અવિધિપૂર્વકનું એટલે કે અજ્ઞાનપૂર્વકનું છે. સમસ્ત યજ્ઞોનો ભોક્તા અને સ્વામી પણ હું જ છું. આમ હોવા છતાં પણ એ સકામ ભકતો મુજ પરમેશ્વરને તત્વથી નથી જાણતા, માટે જ પતનને પામે છે એટલે કે પુનર્જન્મને પામે છે. દેવતાઓને પૂજનારા દેવતાઓને પામે છે, પિતૃઓને પૂજનારા પિતૃઓને પામે છે, ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે અને મારું પૂજન કરનારા ભકતો મને જ પામે છે માટે જ મારા ભક્તોનો પુનર્જન્મ નથી થતો. જે કોઈ

ભક્ત મને પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે અર્પે છે, એ શુદ્ધબુદ્ધિના નિષ્કામ પ્રેમી ભક્તનું પ્રેમપૂર્વક અપેલું એ પત્ર–પુષ્પ આદિ હું સગુણરૂપે પ્રગટ થઈને પ્રેમથી આરોગુ છું. માટે હે કૌંતેય, તું જે કંઈ કર્મ કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે દાન કરે છે તથા જે તપ કરે છે, એ સઘળું ય મને અર્પણ કર. આ પ્રમાણે, જેમાં સમસ્ત કર્મો મુજ ભગવાનને અર્પણ થાય છે, ઈવા સંન્યાસયોગથી યુક્ત થયેલા ચિત્તનો તું શુભાશુભ ફળરૂપી કર્મબંધનથી છૂટી જઈશ અને એમનાથી છુટેલો મને જ પ્રાપ્ત થઈશ.

હું સઘળાં ભૂતોમાં સમભાવે વ્યાપક છું. ના તો કોઈ મને અપ્રિય છે કે અતિ પ્રિય છે. છતાં પણ જે ભક્તો મને પ્રેમથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ એમનામાં પ્રત્યક્ષરૂપે પ્રગટ છું. જેવી રીતે સુક્ષ્મરૂપે સઘળે વ્યાપક હોવા છતાંય અગ્નિ સાધનો વડે પ્રગટાવવામાં આવે ત્યારે જ પ્રત્યક્ષ થાય છે, એ જ રીતે સઘળે રહેલા હોવા છતાંય પરમેશ્વર ભક્તિભાવે ભજનારા માણસોના અંતઃકરણમાં જ પ્રત્યક્ષ રૂપે પ્રગટ થાય છે. જો કોઈ ઘણો જ દુરાચારી પણ અનન્યભાવે મારો ભક્ત બનીને મને ભજે છે, તો એ પણ સાધુ માનવ યોગ્ય જ છે, કેમ કે એ જ ખરો નિશ્ચય કરનારો છે એટલે કે એણે દૃઢતાપૂર્વક નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન જેવું બીજું કશુંયે નથી. એ સત્વરે ધર્માત્મા થઈ જાય છે અને સદાયે રહેનારી એવી પરમ શાંતિને પામે છે. એ નિશ્ચયપૂર્વકનું સનાતન સત્ય છે કે મારો ભક્ત કદીયે નાશ પામતો નથી. સ્રીઓ, વૈષ્યો, શુદ્રો તથા પાપયોનિ–ચાંડાલ આદિ જે કોઈ પણ હોય, તેઓ પણ મારે શરણે જઈને પરમ ગતિને જ પામે છે. જો આ લોકો પરમ ગતિને પામી જતા હોય, તો પુણ્યશાળી બ્રાહ્મણો તથા રાજર્ષિ ભક્તો મારે શરણે થઈને પરમ ગતિને પામે એમાં તો કહેવું જ શું ! માટે તું સુખ વિનાનું અને ક્ષણભંગુર આ મનુષ્ય શરીર પામીને નિરંતર મને જ ભજ. મારામાં મનને પરોવ, મારો ભક્ત બન, મારુ પૂજન કરનારો થા, મને પ્રણામ કર. આ રીતે આત્માને મારામાં પરોવીને મારે પરાયણ થયેલો તું મને જ પામીશ એ નિઃશંક છે.

આમ આ અધ્યાયમાં પરમેશ્વર કૃષ્ણ પ્રતિ શ્રદ્ધા અને આસ્થાનો ખુબ જ સરસ અભિયોગ છે, જે હંમેશ શુભ ફળદાયી જ નીવડે છે.

– અસ્તુ

**સહતંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# જીવનનું કટુ સત્ય

- ૨ કરોડનો બંગલો, તેમાં ચહેરો દેખાય તેવો આરસ, તેના ઉપર મખમલી ગાલીચો, નેત્ર દિપક જેવી રોશની અને ઝુમર, આંખ અંજાય જાય તેવું ફર્નિચર
- આખું આયુષ્ય કષ્ટ કરીને ઉભુ કરેલ આવાસ મા "ગુજરી ગયા પછી" કલાકમાં ઉપાડવાની સગાંવહાલાંની ઉતાવળ
- બંગલામાં સુવા માટે માસ્ટર બેડરૂમ !, તેના ઉપર ઈમ્પોર્ટ કરેલ ગાદી, ઝકાસ મેચિંગ બેડશીટ
- શવ દવાખાનેથી ઘરે લાવ્યા ત્યારે, એક જૂનો લોખંડી ખાટલો, એના ઉપર ફાટેલી બેડશીટ, કવર ફાટેલું મેલુ ઓશીકું.
- બંગલાના ભગવાનના મંદિરમાં ચાંદીની કંકાવટી, દીવો અને સુગંધી અગરબત્તી, સુવાસીત ધૂપ...!
- શવ પાસે છેલ્લે મૂકે જૂના પીત્તળનો દીવો અને પાંચ રૂપિયાની જ અગરબત્તી..
- ૨ કરોડના બંગલામાં ૫ લાખનું બાથરૂમ, તેમાં સ્નાન કરવા માટે ટબ–બાથ, ગરમ પાણીનો શાવર, વિદેશી સાબુ–શેમ્પુ, ચારેકોર અરીશા...!!
- ગમ્મે તેટલો મોંઘો બાથરૂમ બાંધ્યો હશે..પણ છેલ્લે તમારી માટે ઉપયોગમાં કીંમત ઝીરો જ..!!
- છેલ્લો કાર્યક્રમ તો જુવો...! તમને નવરાવવા માટે મૂકેલું ગરમ પાણી ને ટપીને ન જવાનું એવો આદેશ પણ સગાંવહાલાં આપશે. તે પાણી સુદ્ધા બહાર ખુલ્લામાં તાપતુ હોય છે.
- "છેલ્લી નાવણિયું (આંઘોળ) રસ્તા ઉપર" નવરાવતા વખતે સાબુ સુદ્ધા પાંચ રૂપિયા વાળો...!
- આવુ કોઈ પણ માઈનો લાલ નહી કહેશે કે આની છેલ્લી આંઘોળ બાથરૂમમાં સોવર નીચે થવા દયો
- આખી જિંદગી બ્રાન્ડેડ કપડાં અને છેલ્લી ક્ષણે એક જોડી કપડાં (ડ્રેસ) અને તે પણ સસ્તા લાવવાનું ફરમાન છૂટે.. માદારપાટમાં ત્રણ બટનવાળો શર્ટ, નાડીનો જ "લેંઘો" આખી જીંદગી હેટ પહેરી, તો પણ ગાંધી ટોપી જ.
- આવું કોઈનેય નહીં લાગે કે જન્મભર બ્રાન્ડેડ કપડાં પહેર્યા છે તો બ્રાન્ડેડ જ પહેરાવો એણે જ તો કમાવેલું છે...!

- રોજ દરવાજામાં ૪૦ લાખની ગાડી, તેમાં ચાલક ડ્રેસધારી, તેમાં વટથી આગળ બેસીને લોકોને ઊંચા હાથ કરી આગળ વધતો.
- આજ ૪૦ લાખની ગાડીનો છેલ્લે તમને ઉપયોગ તો ઝીરો જ કારણ કે સ્મશાનમાં જતી વખતે કોર્પોરેશનની ગાડી પાલીકા જ ચક્રધારી....!!
- મેં આજ સુધી સાંભળ્યું નથી કે આયુષ્ય ભર ૪૦ લાખની ગાડીમાં ફર્યો છે તો તેજ ગાડીમાં તેને સ્મશાન સુધી લઈ જાવ...!!
- રાજા હોય કે રંક, ગરીબ હોય કે શ્રીમંત, સહુને એક જ માપે એક મટકી પકડે, ચાર ખાંધ આપે...! કોઈને ચંદનની ચિપ્સ વહેંચવા મળે કોઈના નસીબમાં ઘીનો મારો રક્ષાનો રંગ માત્ર રાખોડીયો....
- સ્મશાનમાં હંમેશા બોલાતા ડાયલોગ – શું રાખ્યું છે આ જીવનમાં ખાલી હાથે આવ્યા. ખાલી હાથે જવાના કરોડો કમાવ્યા પણ સાથે શું લઈ ગયો...!!
- મિત્રો....!!!

હું એટલા માટે અહી ઉલ્લેખ કરૂ છું કે માણસે જરૂર કમાવવું, માણસોએ જરૂર આલીશાન બંગલા બંધાવવા, માણસોએ તેમનું જીવન સુખ–સમાધાન જેવું જીવવું જોઈએ, માણસોએ જીવનમાં રહેલ સુખોનો આનંદ જરૂર લૂંટવો જોઈએ....!

પણ....

- માલમત્તા એટલી પણ ભેગી ના કરો, જેથી કરીને આગલી પેઢીમાં આપસમાં વાદ–વિવાદ અગ્નિરૂપે પ્રગટ થાય....!!
- મારો બંગલો થઈ ગયો, મારા ભાઈનો, મારા મિત્રનો થવો જોઈયે. એવી વિચારધારા રાખો....!!
- અનાથના નાથ બનો....!! ઘોર–ગરીબોને મદદ કરીને તેમને આર્થિક દ્દષ્ટિયે સક્ષમ કરો.
- જીવનમાં એકાદુ એક એવું કામ કરો કે તમારી આગળ પેઢી યાદ કરે....!!
- પરોપકારી બનો !
- કમાવેલી રકમમાંથી અમુક ચોક્કસ રકમ તમે તમારા કુટુંબને તેમજ સમાજ માટે ખર્ચ કરો...!!
- જેને આ સમજાયું તેને જીવનનું રહસ્ય સમજાયું....!

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા

## શ્રદ્ધાંજલી



**સ્વ. મનોહરભાઈ ઉમિયાશંકર ભટ્ટ**

**જન્મ તા. ૦૩–૦૯–૧૯૨૯** **સ્વર્ગવાસ તા. ૧૮–૦૯–૨૦૧૯**

મૂળ ઉમરેઠના ઉમિયાશંકર અમૃતલાલ ભટ્ટ તથા સવિતાબહેન ઉમિયાશંકર ભટ્ટના ઘરે સને ૩–૯–૧૯૨૯ના રોજ મનોહરભાઈનો જન્મ થયો. મનોહરભાઈના પિતા અમદાવાદની કોર્ટમાં નોકરી કરતા હતાં તેથી તેમનું બાળપણ ભદ્ર વિસ્તારમાં પસાર થયું. નાની ઉંમરમાં જ માતાને ગુમાવી. તેમના પાલક માતા તારાબાએ માતાની ખોટ સાલવા દીધી ન હતી. પ્રાથમિક શિક્ષણ અમદાવાદમાં જ લીધું. ત્યારબાદ મુંબઈ કાકાના દિકરા બાલકૃષ્ણ ભટ્ટ સાથે ગયા. અભ્યાસ કરતા કરતા નોકરી પણ કરતા અને સ્નાતક થયા પછી લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશનમાં નોકરી મળતા પાછા અમદાવાદ આવ્યા. મનોહરભાઈને કુટુંબમાં બચુભાઈ તરીકે બોલાવવામાં આવતા હતા.

તા. ૭–૨–૧૯૫૫ના રોજ રમણભાઈ બાપુજી ભટ્ટની સુપુત્રી નયનબાળાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. નયનબાળાબહેન નોકરી સ્વીકારી પતિ સાથે દરેક સુખ–દુ:ખમાં સહભાગી થયા. મનોહરભાઈએ પોતાના ગુણોથી ઓફિસ કર્મચારીઓમાં અતિપ્રિય તથા કુટુંબમાં તેમના ભાઈ–બહેનોને આગળ લાવવામાં, ભણવામાં તેમજ અન્ય સામાજિક જવાબદારીઓમાં પણ અગ્રેસર ભૂમિકા ભજવી હતી અને અનેક લોકોના પ્રેરણામૂર્તિ બન્યા હતાં.

તેમના બે પુત્રો બકુલભાઈ અને પરાગભાઈ છે. મોટા પુત્ર બકુલભાઈ નવરંગપુરા વિસ્તારમાં મેડીકલ સ્ટોર્સનું સંચાલન કરે છે જ્યારે તેમના પત્ની યોગીનીબહેન નિવૃત્ત આચાર્યા, શિક્ષિકા હતા. બકુલભાઈના પુત્ર જપન સી.એ. છે તથા તેમના પત્ની તુલસીબહેન પણ કોર્પોરેટ ક્ષેત્રે નોકરી કરી રહ્યા છે. તેમની પુત્રી હદયા પાંચ વર્ષની છે. નાના પુત્ર પરાગભાઈ કોર્પોરેટ ક્ષેત્રમાં નોકરી કરે છે જ્યારે તેમના પત્ની હીનાબેન ગૃહિણી છે અને તેમનો પુત્ર કરણ બી.ઈ. કમ્પ્યુટર એન્જીનીયર છે અને હાલમાં આઈ.ટી. ક્ષેત્રમાં નોકરી કરે છે.

જીવન જીવવાની કળા, દ્રઢ ઈચ્છાશક્તિ, મધુર વાણી અને વર્તન જેવા અનેક સુલક્ષણોના ધની એવા મનોહરભાઈની પ્રેરણારૂપ જીવનયાત્રાનું સંપૂર્ણ વર્ણન કરવું શક્ય નથી. પરંતુ તેમના જીવનમાંથી ઘણુંબધુ જાણીને–સમજીને સરળતાથી આગળ વધી શકાય છે.


પરિવાર તરફથી સંસ્થામાં રૂ. ૫૦,૦૦૦/–નું અનુદાન પ્રાપ્ત થયેલ છે તે બદલ પરિવારનો આભાર માનીએ છીએ.

**સૌજન્ય**

**ટ્રસ્ટીગણ, હોદ્દેદારશ્રીઓ, વ્યવસ્થાપક સમિતિના સદસ્યો**

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



**સ્વ. શ્રી શશીકાન્ત અર્જુનલાલ ડોળીયા**

**જન્મ તા. ૨૭–૦૯–૧૯૪૭ સ્વર્ગવાસ તા. ૧૫–૧૨–૨૦૨૦**

શ્રી શશીકાન્ત અર્જુનલાલ ડોળિયાનો જન્મ તા. ૨૭–૯–૪૭ના રોજ સોજીત્રા વતને શ્રી રેવાબેન તથા પિતાશ્રી અર્જુનલાલ કિરપાશંકર ડોળીયાને ત્યાં થયો હતો. તેઓશ્રી બે ભાઈ અને ચાર બહેનનો સંયુક્ત કુટુંબમાં સૌથી નાનાભાઈ હતા. તેઓ શ્રી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ સોજીત્રા એમ.એમ. હાઈસ્કૂલમાં કર્યો હતો.

ત્યારબાદ સોજીત્રાના વતની એવા ચંદુલાલ હરજીવનદાસની પુત્રી ભાનુમતી ચંદુલાલ સાથે લગ્નગ્રંથીથી જોડાયા. શશીકાન્ત અર્જુનલાલ ડોળીયા મદ્રાસ મુકામે એકાઉન્ટ લખવાનો વ્યવસાય સ્વીકારાયો. તેમના ધર્મપત્ની ભાનુમતીબેન શશીકાન્ત ડોળીયાએ મદ્રાસ મુકામે ગુજરાતી કન્યા શાળા સ્કુલમાં શીક્ષીકા તરીકે સેવા (નોકરી) કરી.

તેઓશ્રીનું સરળ અને નિખાલસ દામ્પત્ય જીવન હતું. તેઓશ્રી નિવૃત્તી બાદ માદરે વતન સોજીત્રામાં આવી બાકીનું જીવન વીતાવવા હતા. ત્યારબાદ ભાનુમતીબેન શશીકાન્ત ડોળીયાનું તા. ૧૦–૦૨–૨૦૧૯ દુ:ખદ સ્વર્ગવાસ થયો. શશીકાન્ત અર્જુનલાલ ડોળીયા ઉચ્ચ બ્રાહ્મકુળના સંસ્કારો મેળવી સંપૂર્ણ સીધુ, સફળ અને લાગણીનું બહુ ખૂબ હતી. તેઓશ્રી પ્રામાણિક, સિદ્ધાંતવાદી અને નિષ્ઠાવાન હતા. તેઓ મદ્રાસ બાજખેડાવાળ સમાજ અને સોજીત્રા બાજખેડાવાળ સમાજને બહુ ઉપયોગી અને યોગદાન હતું અને નવા જમાના સાથે સુસંગતતા જાળવી એક ઉદાહરણરૂપ જીવન વ્યતિત કર્યું. એક તંદુરસ્ત, નિર્વ્યસની અને આદર્શ જીવનારા શ્રી શશીકાન્ત અર્જુનલાલ ડોળીયાએ સમગ્ર બાજખેડાવાળ સમાજનું ગૌરવ છે.

**શ્રદ્ધાંજલિ સહ વંદન**

પ્રમુખશ્રી

- ડોળીયા બળવંતકુમાર બાબુભાઈ
- શ્રી સોજીત્રા બાજખેડાવાળ સમાજ કમીટી
- શ્રી મદ્રાસ ગુજરાતી બાજખેડાવાળ સમાજ કમિટી
- શ્રી રામનાથ મહાદેવ ટ્રસ્ટ–સોજીત્રા કમિટી
- શ્રી શૈલેષભાઈ બાલશંકર ભટ્ટ
- શ્રી બાલાશંકર ઉમીયાશંકર ભટ્ટ પરિવાર
- ભાનુતીબેન શશીકાન્ત ડોળિયાના પીયર પક્ષ પરિવાર
- ડોળિયા બળવંતકુમાર બી
- બાબુભાઈ અર્જુનલાલ ડોળીયા પરિવાર
- કનૈયાલાલ માણેકલાલ ભટ્ટ પરિવાર
- રમણલાલ ગણપતરામ ઠાકર પરિવાર
- પ્રવીણચંદ્ર શાંતિલાલ ઠાકર પરિવાર

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**નોટબુક - ચોપડા વિતરણ**

જય ભારત સાથે જણાવવાનું કે સરકારશ્રીના આદેશ મુજબ ચાલુ સાલે સ્કૂલો તથા કોલેજોનું નવુ સત્ર એપ્રિલ મહિનામાં ચાલુ થતું હોવાથી ચોપડા વિતરણ ૪ અને ૫ એપ્રિલે સંસ્થાની ઓફિસેથી સાંજના ૪.૦૦ થી ૭.૦૦ કરવામાં આવશે. પ્રત્યેક ડઝન દીઠ ચોપડાની કિંમત રૂ. ૫૦/- લેખે આપવાના રહેશે. ધોરણ ૧ થી ૪ સુધીના વિદ્યાર્થીઓને ચોપડા આપવાના નથી જેની નોંધ લેવી.

**ખાસ નોંધ -**

આપને આપવામાં આવેલ નવું આઈ કાર્ડ તથા નોટબુક ચોપડાનું નવું કાર્ડ તથા ગઈ સાલની માર્કશીટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

**મકાન બાંધકામ ફંડ ખાતે મળેલ દાન**

(૧) શ્રી દેવાંશી કૌશલ દણાંક રૂ. ૫૦૦૦/- (૨) શ્રી કૌશલ યોગેશભાઈ દણાંક રૂ. ૫૦૦૦/- (3) શ્રી શીવાંગી જતીનભાઈ ઠાકર રૂ. ૫૦૦૦/- (૪) શ્રી જતીનભાઈ શાંતિલાલ ઠાકર રૂ. ૫૦૦૦/- (૫) શ્રી મોક્ષાબેન નારાયણપ્રસાદ શુક્લ રૂ. ૫૦૦૦/- (૬) શ્રી નારાયણપ્રસાદ કૃષ્ણપ્રસાદ શુક્લ રૂ. ૫૦૦૦/-

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**રાજેશકુમાર દવે** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

---

## શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ

શ્રી તુળજામાતા, મોઢવાડા, ઉમરેઠ-૩૮૮૨૨૦. જી આણંદ (ગુજરાત)

વિ.સં. ૨૦૭૫ની નવરાત્રિ મહોત્સવ બાદ વિ.સં. ૨૦૭૬ના પોષ સુદ પુનમે શ્રી માતાજીનો પાટોત્સવ હોઈને શ્રી તુળજા ભવાનીને પૂર્ણ શણગાર કરવામાં આવેલ હતાં, સાથો સાથ ચંડીપાઠનું પણ વાચન કરવામાં આવેલ હતું અને ત્રણે ફળીયાના રહીશોએ ભક્તિ સાથે આનંદ માણેલ.

આ પ્રસંગે ફળીયાના રહીશ અને માઈભક્ત સ્વર્ગસ્થ શ્રી પ્રફુલાબેન અરૂણકુમાર પંડ્યાના સ્મરણાર્થે તેમના પતિ શ્રી અરૂણકુમાર સી. પંડ્યા તેમજ દિકરી નિલમબેન યુ. જોષી તરફથી શ્રી ભવાનીને રૂ. ૧૩૦૦૦/-નો સોનાનો ટીકો ભેટ આપવામાં આવેલ હતો. તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

રૂ. ૫૦૦૦/-ની ભેટ માલિનીબેન (યુ.એસ.એ.)-ઉમરેઠ તરફથી મળેલ છે હસ્તે હેમંત જોષી.

**હર્ષદરાય જોષી** — **ટ્રસ્ટી**

**હેમંત જોષી** — **મે.ટ્રસ્ટી**

## શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

મુ. પો. કણજરી (તા. નડિયાદ, જી. ખેડા)

**શુભેચ્છા ભેટ**

કણજરી નિવાસી શ્રી દિલીપભાઈ રમણભાઈ વ્યાસ તેમના સુપુત્ર શ્રી વિવેકના લગ્ન નિમિત્તે શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજને રૂ. ૧૧૧૧/–ની ભેટ મળેલ છે.

શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

**તરંગ જે પંડ્યા**

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

પ્રતિ વર્ષ મુજબ આ વરસે પણ સમાજ તરફની મંદિરનો પાટોત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્વક સર્વે જ્ઞાતિજનોની હાજરીમાં સવારે સાત વાગ્યેની સાંજના સાત વાગતા સુધી પૂર્ણ મંત્રોચાર સહિત સૌ દેવોના હવન–પૂજા અર્થના અભિષેક સહિત સામુહિક આરતી અને પ્રસાદ લઈ તા. ૨૬–૧–૨૦ને રવિવારના રોજ ખૂબ જ આનંદ અને ઉમંગ સહિત મનાવવા આવેલ સર્વે મુર્તિ યજમાનો પોતાના પૂર્ણ કુટુંબ સહિત હાજર રહી પોતાની મુર્તિઓની પૂજા–અર્ચના કરી અલંકાર બાદ આરતીનો પણ લાભ લીધેલ.

કાર્યક્રમના અંતે શ્રી શક્તિ સેવક મંડળ દ્વારા સામુહિક ભજનો કાર્યક્રમ રાખવામાં આવેલ

**અરૂણભાઈ જે. દવે** — **પ્રમુખ**

**કિરણભાઈ પંડ્યા / કમલેશભાઈ ભટ્ટ** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**અમૃત મહોત્સવ**

ગત તા. ૨૬.૦૧.૨૦૨૦ના રોજ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ દ્વારા અમદાવાદ સ્થિત ૭૫ વર્ષ પૂર્ણ કરેલ વડીલોની વયવંદના કરતો અમૃત મહોત્સવ પર્વ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૮ વડીલોને પૂષ્પગુચ્છ, શાલ, સન્માનપત્ર અર્પણ કરી સન્માનીત કરાયા હતા. આ પ્રસંગે જ્ઞાતિના ૯૫ વર્ષના વયોવૃધ્ધ વડીલ કાર્યકરશ્રી બાબુભાઈ જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ખૂબ સુંદર પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરાવેલ હતી. પ્રાસંગિક ઉદબોધનમાં સંસ્થાના પ્રમુખશ્રી કમલેશભાઈ ભટ્ટ દ્વારા સર્વે વડીલોના સારા સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે સ્વ.શ્રી મધુસુદનભાઈ ત્રંબકલાલ ભટ્ટના સ્મર્ણાર્થે શ્રી મુકેશભાઈ મધુસુદનભાઈ ભટ્ટ પરિવાર દ્વારા વડીલોના સન્માન માટે શાલનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે. શ્રી મુકેશભાઈ ભટ્ટ પરિવાર દ્વારા પાછલા ત્રણ વર્ષથી સતત અમૃત મહોત્સવમાં સન્માનિત થતા વડીલો માટે શાલનું

સૌજન્ય પ્રાપ્ત થઈ રહ્યું છે જે માટે સંસ્થા તેઓની વિશેષ આભારી છે. આ ઉપરાંત વડીલ શ્રી બાબુભાઈ જોષી તથા શ્રી જીતુભાઈ જોષી દ્વારા વડીલોને તેમના દ્વારા લિખિત પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સી. સોમાભાઈ રહાવાળા શ્રી બીપીનભાઈ જોષી તરફથી વડીલોને ૨–નંગ પેન તેમજ શ્રી પ્રકાશ ધ્રુવ તરફથી શ્રીમતી સોનલ ધ્રુવની સંગીત સંધ્યાના ૨–પાસ આપવામાં આવ્યા હતા. આ સર્વે સૌજન્ય બદલ સંસ્થા સર્વે દાતાઓનો આભાર માને છે. કાર્યક્રમના અંતે પ્રજાસત્તાક દિન હોવાથી સૌએ સાથે મળી રાષ્ટ્રગાન કરેલ. જે વડીલો પોતાના સ્વાસ્થ્યના કારણે પ્રસંગમાં હાજર રહી શક્યા ન હતા તેઓને સન્માનવા સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા, પ્રમુખશ્રી કમલેશભાઈ ભટ્ટ, ઉપપ્રમુખશ્રી વિમલભાઈ પંડ્યા તેમજ અન્ય કારોબારી સભ્યશ્રીઓ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તુરત જ તેઓના નિવાસસ્થાને જઈ સન્માનિત કરાયા હતા.

કાર્યક્રમના અંતે સન્માનિત વડીલોની સાથે તેઓના પરિવારજનો તેમજ આમંત્રિતો અને હાજર જ્ઞાતિકાર્યકરો સહિત અંદાજે ૩૫૦ જ્ઞાતિજનોએ સંસ્થા દ્વારા આયોજિત ભોજનનો સ્વાદ માણ્યો હતો અને કાર્યક્રમના સુંદર આયોજન બદલ કાર્યકરોને પ્રોત્સાહિત કરેલ હતા.

આ પ્રસંગે સંસ્થાને પ્રસંગોચિત અનુદાન આપનારા સૌ જ્ઞાતિજનોનો સંસ્થા આભાર માને છે.

**૨૧મો અમૃત મહોત્સવ ભેટ**

રૂ. ૫૧૦૦/– શ્રી સુરેશભાઈ પ્રાણશંકર ભટ્ટ, રૂ. ૩૦૦૧/– શ્રી મંજુલાબેન રમેશચંદ્ર ભટ્ટ, રૂ. ૨૫૦૧/– શ્રી વિજયાબેન ભગવતપ્રસાદ ભટ્ટ, રૂ. ૨૦૦૦/– શ્રી જયેન્દ્રભાઈ મહેતા, રૂ. ૧૧૧૧/– શ્રી દિપીકાબેન અશોકભાઈ ભટ્ટ, રૂ. ૧૧૧૦/– શ્રી ભૂપેન્દ્રભાઈ ડી. જોષી, રૂ. ૧૦૦૧/– શ્રી પ્રેમીલાબેન મહેન્દ્રભાઈ ભટ્ટ, રૂ. ૧૦૦૧/– શ્રી મહેશચંદ્ર શીવપ્રસાદ ઠાકર, રૂ. ૫૦૧/– શ્રી ભાનુભાઈ લક્ષ્મીપ્રસાદ દવે, શ્રી બિપીનભાઈ જોષી તરફથી શાલ–કૅલેન્ડર–પેન

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૨૫,૦૦૦/– સ્વ. મનોહર ઉમીયાશંકર ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી નયનબાળા મનોજર ભટ્ટ

**વિધવા – ત્યક્તા – વિધુર સહાય**

રૂ. ૫૦૦૦/– શ્રી હિરાબેન એન. ભટ્ટ હસ્તેશ્રી સરોજબેન જોષી, રૂ. ૨૦૦૫/– શ્રી રમેશચંદ્ર મૂળજીભાઈ પંડ્યા

**વિદ્યોતેજક યોજના**

રૂ. ૨૫૦૦૦/– સ્વ. મનોહર ઉમીયાશંકર ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી નયનબાળા મનોહર ભટ્ટ, રૂ. ૫૦૦૦/– સ્વ. ભાનુપ્રસાદ જોષીના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન જોષી

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**રાકેશ એમ. ભટ્ટ/ હેતલકુમાર બી. ભટ્ટ** — **મંત્રી**

# શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં,
પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત જ્ઞાતિના ઉમરેઠ–ડાકોર સ્થિત જરૂરીયાતમંદ ભાઈ–બહેનોને જીવનજરૂરીયાત મુજબ દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજસામગ્રી પહોચતી કરવામાં આવે છે. આ સદકાર્ય માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી દાન–ફંડ સતત મળતું રહે છે. જેની મદદથી અમો આ યોજના સફળતાપૂર્વક ચલાવી શકીએ છીએ. અમે આ તમામ દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ મહિને અમોને નીચે મુજબ દાન મળેલ છે.

(૧) શ્રી સતીષભાઈ સોમેશ્વર ભટ્ટ (યુ.એસ.એ.–તલોદ) તરફથી સ્વ. શ્રી હીરાબા સોમેશ્વર ભટ્ટના સ્મરણાર્થે રૂ. ૫૦૦૦૦/– (૨) શ્રી કુસુમબેન શૈલેન્દ્ર દવે તરફથી સ્વ. શૈલેન્દ્ર ચંદ્રકાંત દવેના સ્મરણાર્થે રૂ. ૫૦૦૦/– (૩) શ્રી સ્વ. મનહરબાળા વિઠ્ઠલરાય ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ તરફથી રૂ. ૧૬૩૬૨/– (૪) શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ તરફથી ભેટ રૂ. ૩૧૦૨/– (૫) શ્રી ગીતાબેન દિનેશભાઈ દવે (આણંદ) હસ્તે પારૂલબેન બી. ભટ્ટ રૂ. ૫૦૦૦/–

**હરિફાઈઓ**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા જાન્યુઆરી માસમાં દર વર્ષની જેમ યોજાતી વિવિધ હરીફાઈઓ તા. ૧૯–૧–૨૦૨૦ રવિવારને રોજ પુનિતાશ્રમ ખાતે યોજાઈ. આ હરીફાઈમાં રાગીણીબેન ભટ્ટ, સુચી જોષી, નયનાબેન ખંભોળજા, હર્ષીદાબેન ઠાકર, મૃદુલાબેન દવે, કીંજલબેન ડણાક, માલા શેલત, કામીની પંડ્યા, હીમાની પંડ્યા, નિમિષા ભટ્ટ, શિવાની દવે, રૂચીબેન દવે વગેરએ ભાગ લઈને વિજેતા બન્યા હતા. તેઓને ખૂબ ખૂબ અભિનંદન. જ્ઞાતિ સમાજના બાળકોએ બહોળી સંખ્યામાં ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને પોતાની આગવી ચિત્ર કલાનું ટેલેન્ટ બતાવ્યું હતું. તેમના ઉત્સાહને ખૂબ અભિનંદન.

| મંત્રીશ્રી | પ્રમુખ |
|---|---|
| બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ | કલ્પનાબેન ખંભોળજા |

# શ્રી પ્રગતિ યુવક મંડળ

બાજખેડાવાળ સોસાયટી, જુના રેલ્વે ક્રોસીંગ પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮

ઉપરોક્ત મંડળ દ્વારા ૩૯મો સમુહ યજ્ઞોપવિત સમારંભ તા. ૯–૨–૨૦ના રોજ ૧૩ બટુકો સાથે ખૂબ જ આનંદ–ઉત્સાહથી સંપન્ન થયો. જેમાં ૪ બટુક માતા સ્થાપન સાથેના તેમજ ૯ બટુક સાદી જનોઈ સાથેનો હતા. તા. ૮–૨–૨૦૨૦ના રોજ સાંજે ૫.૦૦ વાગે માતા સ્થાપનની વિધિ ગુરૂદેવશ્રી ચંદ્રકાન્તભાઈ દવે દ્વારા કરાવવામાં આવી હતી. તેમજ ૯–૨–૨૦૨૦નાં રોજ સવારે સૌ વાલીઓ તેમજ અંદાજીત ૩૦૦ જ્ઞાતિબંધુઓએ મંડળ દ્વારા ચ્હા–કોફી–નાસ્તાની વ્યવસ્થા કરેલ જેનો લાભ લઈ દિવસ દરમ્યાનની યજ્ઞોપવિત સંસ્કારની વિધિ સંપન્ન થઈ સાંજે ૪.૩૦ કલાકે મંડળ દ્વારા આમંત્રીત મહેમાનોનાં હસ્તે સૌ બટુકો તેમજ વાલીઓને નીચે મુજબની વિવિધ ભેટ–સોગાદોનું વિતરણ કરવામાં આવેલ. જે દાતાશ્રીઓનો મંડળનો સૌ કાર્યકરો

આભાર માને છે.

(૧) એક જ્ઞાતિ સદગૃહસ્થ તરફથી – પિતાંમ્બરની સેવા (૨) શ્રી સરલાબેન મનહરલાલ શુકલ નડિયાદવાળા તરફથી – આચમની–પ્યાલો–તરભાણું (3) શ્રી બિપીનભાઈ જોષી શ્રી સોમાભાઈ ચા વાળા તરફથી – પૂજાનો સેટ (૪) શ્રી ગોપાલભાઈ ભટ્ટ અને શ્રીમતી પ્રિતીબેન ભટ્ટ મદ્રાસવાળા તરફથી – કાંડા ઘડિયાળ (૫) શ્રી મીનાબેન મયુરેશભાઈ દવે તરફથી પેન્ટ–શર્ટની જોડી (૬) જ્ઞાતિબંધુ તરફથી રેમન્ડ પેન્ટ–શર્ટની જોડી – હસ્તે પરાગભાઈ દેસાઈ (૭) સ્વ. જેષ્ઠારામ ગોકળદાસ ઠાકર – સ્વ. પુષ્પાબેન જેષ્ઠારામ ઠાકર તથા સ્વ. આશિષભાઈ જેષ્ઠારામ ઠાકરના સ્મરણાર્થે હસ્તે અલકાબેન આશિષભાઈ ઠાકર (યુ.એસ.એ.) – ઠંડા પાણીની બોટલ (૮) શ્રી અમરીષભાઈ ભટ્ટ તરફથી– બટુકોને ટોપી (૯) શ્રી હરીશભાઈ છોટાલાલ દેસાઈ તરફથી – મરચા કટીંગ મશીન (૧૦) શ્રી કંદોઈ ભોગીલાલ મૂળચંદ દ્વારા – ૨૫૦ ગ્રામ મીઠાઈ બોક્સ, દિવાલ કેલેન્ડર, ટેબલ કેલેન્ડર તથા અંબિકા ફટાકડા વાળા તરફતી પાર્ટી બોમ્બ, બોલ પેનનો સેટ – હસ્તે રાજેશભાઈ મહેન્દ્રપ્રસાદ ભટ્ટ (૧૧) શ્રી મહેશભાઈ રમણલાલ પંડ્યા તરફથી – શ્રીમદ્ ભગવત ગીતા (૧૨) શ્રી જીતેન્દ્રભાઈ જોષી તરફથી – યજ્ઞોપવિતનું મહત્વ સમજાવતી પુસ્તિકા (૧૩) ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી – શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તાક્ષરવાળા આર્શીવચન આપતા સર્ટીફિકેટ દરેક બટુકોના નામથી દિલીપભાઈ પંડ્યા, પ્રતિકભાઈ પંડ્યા તથા રાજેશભાઈ મહેતાના પ્રયત્નોથી (૧૪) માતાજીના શણગારની સેવા – રાજેશભાઈ ત્રિવેદી (૧૫) જ્વારા વાવણી બદલ – શ્રી નિલમબેન એ. ઠાકર (૧૬) માતાજીના નૈવેદ્ય તૈયાર કરી આપવા બદલ – શ્રી અંજલી ડી. ભટ્ટનો આભાર (૧૭) દિવા માટે કોડીયું – શ્રી અંજનાબેન તરફથી

આપ સૌ દાતાશ્રીઓએ વાલી તેમજ બટુકોને મળીને અંદાજે રૂ. ૨૫૦૦/–ની રકમની વિવિધ વસ્તુઓની ભેટ આપેલ છે સૌ દાતાશ્રીઓનો ખૂબ–ખૂબ આભાર.

**પ્રમુખ**
**રાજેશ એન. મહેતા**

---

## શ્રી બાજખેડાવાળ સમાજ – નડિયાદ

બાજખેડાવાળ હોલ, છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર સામે, નડિયાદ–૩૮૭૦૦૧

**નોટબુક – ચોપડા વિતરણ**


જય ભારત સાથે જણાવવાનું કે સરકારશ્રીના આદેશ મુજબ ચાલુ સાલે ં સ્કૂલો તથા કોલેજોનું નવુ સત્ર એપ્રિલ મહિનામાં ચાલુ થતું હોવાથી ચોપડા વિતરણ ૫ એપ્રિલ રવિવારના રોજ સંસ્થાની ઓફિસેથી સાંજના ૯.૦૦ થી ૧૨.૦૦ કરવામાં આવશે. ધોરણ ૧ થી ૪ સુધીના વિદ્યાર્થીઓને ચોપડા આપવાના નથી જેની નોંધ લેવી.

**ખાસ નોંધ –**

આપને આપવામાં આવેલ નવું આઈ કાર્ડ તથા ગઈ સાલની માર્કશીટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.


**પ્રણવભાઈ જોષી – પ્રમુખ** **દિનેશ જોષી – મંત્રી**

| | | |
|---|---|---|
| Name | : | Ku. Prutha Bhatt |
| Height | : | 5‘-4’’ |
| Weight | : | - |
| Birth Date | : | 11-11-1993 |
| Birth Time | : | 15.00 p.m. |
| Birth Place | : | Nadiad |
| Education | : | Bachelor of Mechanical Engineering (CANADA) |
| Profession | : | Machanical Designer |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Bela Bhatt |
| Borther/Sisters | : | - |
| Maternal Place | : | Harsh Umesh Dhora - Nadiad |
| Father | : | Ketan Bhatt |
| Address | : | 68, Literacy Drive, Brampton, L6P 3E9, Ontario, Canada |
| Phone No. | : | +16475461193, +16478384519 |
| Mobile No. | : | - |
| E-mail | : | ketanbela@yahoo.com |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Canada, USA-Well Educated, Well Cultured & Family Oriented |
| Note | : | - |
| Gotra | : | Lankanas |
| Nakshatra | : | Hastha-4 |
| Rashi | : | Kanya |
| Nadi | : | Aadh |
| Gan | : | Dev |
| Varna | : | Vaishya |
| Yoni | : | Mahishe |
| Varg | : | Swan |




| | | |
|---|---|---|
| Name | : | Ku. Hrushita Atulkumar Davey |
| Height | : | 5‘-2.5’’ |
| Weight | : | 54 Kg. |
| Birth Date | : | 14-01-1989 |
| Birth Time | : | 08-21 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | M.Arch. CEPT Ahmedabad |
| Profession | : | Architect. Precently Associate Architech with Studio Matters-Goa |
| Monthly Income | : | - |
| Native Place | : | Dakor |
| Mother Name | : | Kshiti Davey |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Ahmedabad |
